સત્યાગ્રહ-પત્રિકા નં. ૩.

વડી ધારાસભામાં છેવટની ઘડીએ

નામદાર વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલે

આપેલું ભાષણ.

પ્રકાશક,

વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ.

બાર-ઍટ-લૉ.

મંત્રી—સત્યાગ્રહ સભા.

સંવત્ ૧૯૭૫]   પ્રત ૫૦૦૦.   [સને ૧૯૧૯.

પ્રથમાવૃત્તિ.

કિંમત ૦-૨-૦.

અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

પાંચકુવા ચાર રસ્તા.

ના. વિઠ્ઠલભાઈ પટેલનું ભાષણ.*

મારા નામદાર,

આ અત્યંત અપ્રિય કાયદાના અંતિમ વિભાગમાં આપણે હવે આવી પહોંચ્યા છીએ. આ ધારાસભાની અંદર અને બહાર આખા હિંદના અભિપ્રાયનો જે સર્વાનુમત પ્રતિષેધ થયો છે તેની બિલકુલ કાળજી નહીં કરવામાં અથવા તો તેની સામે રહેવામાં સરકાર હમેશની માફક જ ઉપસ્થિત રહી છે. પાર્લામેંટમાંથી રાજકીય સુધારાઓનો ખરડો પસાર થાય ત્યાં સુધી આ પગલું ગમે તેમ કરીને મુલત્વી રાખવા અથવા તો તે રદ કરવાને સરકારને સમજાવવામાં અમે અમારા સૌથી બનતા પ્રયત્નો કર્યા છે. અમે તેમાં નિષ્ફળ ગયા છીએ. આ ખરડાને ઓછો ભયંકર, ઓછો નુકશાનકારક અને તેથી ન સ્વીકારવા માટે ઓછો વાંધાવાળો બનાવવા માટે અમારા કેટલાક અગત્યના સુધારા સ્વીકારાય તેમ કરવામાં અમે અમારાથી બનતું સઘળું કર્યું છે. પરંતુ અમારી વિનંતિઓ અને પ્રાર્થનાઓ અરણ્યરૂદન સમાન નીવડી છે. અમે કબૂલ કરીએ છીએ કે, અમારા બધા પ્રયત્નોમાં અમે કંગાલપણે નિષ્ફળ ગયા છીએ. હવે અમારે માટે આ ધારાસભામાં આ ખરડો કાયદા તરીકે પસાર થાય તે સામે અમારાથી બની શકે તેમ સૌથી વધુ સ્પષ્ટ રીતનો ઘણોજ મજબૂત વાંધો જાહેર કરવો. એમ કરતાં હું એક વાર ફરીથી મારાં તે માટેનાં કારણો ટૂંકમાં અત્રે રજૂ કરૂં છું.

મારા નામદાર, હું એવો અભિપ્રાય ધરાવું છું કે—આ કાયદો ઘડવો એ આ ધારાસભાની સત્તામાં નથી. ગમે તે દાખલામાંના કાયદા ઓન. સભાસદ આ કાઉન્સિલને સમજાવવા માગે છે તેમ આ પ્રશ્ન શંકાથી એટલો બધો મુક્ત નથી. આ સંબંધમાં આ કાઉન્સિલને વિચારવા માટે ત્રણ મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) ગવર્નમેંટ ઑફ ઇંડિયા એક્ટ (૧૯૧૫) ની ૬૫ મી કલમ જણાવે છે કે— "ગવર્નર-જનરલ અને તેની લેજિસ્લેટિવ કાઉન્સિલને, પાર્લામેંટના એક કાયદાથી ખાસ સત્તા આપવામાં આવી ન હોય ત્યાં સુધી ગ્રેટબ્રિટન અને આયર્લેંડના યુનાઇટેડ કિંગ્ડમના અલિખિત ધારાઓ અને બંધારણના કોઇ પણ ભાગ ઉપર અસર કરનારો અથવા તો તે રદ કરનારો કોઇ પણ કાયદો ઘડવાની સત્તા નથી, કે જેની ઉપર યુનાઇટેડ કિંગ્ડમના તાજ પ્રત્યે કોઇ પણ માણસની વફાદારીનો કોઇ પણ અંશમાં આધાર હોય." હવે એ કલમમાં જણાવેલી વફાદારીનું આ બંધન કેવું છે ? તે એવું છે કે—તાજ, પ્રજાને આપખુદ કારોબારી સત્તાધિકારીઓ સામે સંરક્ષણ આપે છે અને રૈયતની પોતાની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે તે પહેલાં કાયદાના સ્વીકારાયલા સ્વરૂપ મુજબ તેની તપાસ થાય તેમ જોવાનો તેને હક છે. આ સૂચવાયલા ખરડાના બીજા અને ત્રીજા વિભાગમાં કેટલાક ગુન્હાઓની તપાસ માટે ન્યાયી-ખાતાને લગતી સત્તાઓને બદલે કારોબારી અમલદારોને તપાસ કરવાનું કામ સોંપાયું છે. આમ હિન્દમાં શ્રી સમ્રાટની પ્રજાની મુખ્ય સ્વતંત્રતા

---

* વડી ધારાસભામાં રૉલેટ બિલ ત્રીજી વેળા પસાર કરવાની દરખાસ્ત ઉપરનું ભાષણ.

ઉપર તરાપ મારવામાં આવી છે. એ રીતે યુનાઇટેડ કિંગ્ડમના અલિખિત કાયદા અને બંધારણ કે જેના ઉપર રાજપ્રત્યે વફાદારીનો આધાર રહેલો છે તે રદ્દ કરવામાં આવ્યા છે. આથી એ એક પ્રશ્ન છે કે—હિંદી ધારાસભાને આ કાયદો ઘડવાનો અધિકાર છે કે નહીં ?

ગવર્નમેંટ ઑફ ઇંડિયા ઍક્ટની કલમ ૧૦૬

(૨) ગવર્નમેંટ ઑફ ઇંડિયા ઍક્ટ (૧૯૧૫) ની ૧૦૬ મી કલમમાં એવી ગોઠવણ છે કે—"વિવિધ હાઇ કોર્ટસઃ એ કોર્ટસ ઑફ રેકર્ડ છે અને તેમને મૂળ દાવાઓ અને તે ઉપરની અપીલો સાંભળવાની ન્યાયી સત્તાઓ—અને ન્યાયના કારોબારને લગતી અથવા તો તે ઉપરની આવી બધી સત્તાઓ અને હકુમત છે અને તે તેમને લેટર્સ ઑફ પેટંટ દ્વારા આપવામાં આવી છે." એ કલમ વધારામાં જણાવે છે કે લેટર્સ પેટંટ દ્વારા હાઇ કોર્ટને અપાતા ન્યાયી અધિકાર, સત્તાઓ અથવા હકુમતમાં વખતો વખત ના. સમ્રાટ તરફથી વધુ લેટર્સ પેટંટ દ્વારા વધારો કરી શકાય." ખરડાનો પહેલો ભાગ હાઇ કોર્ટના ન્યાયી અધિકાર રદ્દ કરી નાંખે છે અને ખાસ એક નક્કી કરેલી ત્રિપુટી કોર્ટને તે આપે છે. હિંદી હાઇ કોર્ટસના ન્યાયાધીશોને ના. સમ્રાટની સહીવાળા લેટર્સ પેટંટ મારફત અધિકાર મળેલા છે અને મારા અભિપ્રાય પ્રમાણે તેમના અધિકાર કોઇ પણ કારણસર જેમ આ ખરડામાં સૂચવવામાં આવ્યું છે તેમ હિંદી ધારાસભાના કોઇ પણ કાયદાથી રદ્દ કરી શકાય નહીં.

(૩) ગવર્નમેંટ ઑફ ઇંડિયા એક્ટ (૧૯૧૫) ની ૩૨ મી કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે—

(અ) હિંદી પ્રધાનની કાઉન્સિલ, તે કાઉન્સિલના એકઠા મંડળ તરીકે કાઉન્સિલને નામે દાવો માંડી શકે અથવા તેની ઉપર દાવો મંડાઇ શકે. (બ) દરેક વ્યક્તિ હિંદી પ્રધાનની કાઉન્સિલ સામે એવુંજ પગલું લઇ શકશે કે જેવું તેને ઇસ્ટ ઇંડિયા કંપની સામે, જો ગવર્નમેંટ ઑફ ઇંડિયા એક્ટ (૧૮૫૮) અને આ કાયદો પસાર થયા હોત નહીં તો, તેનાથી લઇ શકાયું હોત, જ્યારે કલમ ૬૫ પેટા-કલમ ૨ માં એવું જણાવેલું છે કે—ગવર્નર-જનરલની કાઉન્સિલને, ખાસ પાર્લામેન્ટના કાયદાથી સત્તા અપાઇ ન હોય તે સિવાય ૧૮૬૦ ના વર્ષ પછી પાર્લામેંટના કોઇ કાયદાને રદ્દ કરતો અથવા તો અસર કરતો કોઇ પણ કાયદો પસાર કરવાની અને બ્રિટિશરાજમાં તે લાગુ પાડવાની સત્તા નથી." આ બે કલમોનાં તત્વો એક સાથે વાંચવાથી એ સ્પષ્ટ થાય છે કે—હિંદી કાયદા ઘડનારાઓને હિંદી પ્રધાનની કાઉન્સિલ ઉપર દાવો માંડવાના કોઇ પણ બ્રિટિશ હિંદી રૈયતના હક્કને છીનવી લેનારો કોઈ કાયદો, ૧૮૫૮ પહેલાં એવો હક હતો તે જોતાં, ઘડવાનો અધિકાર નથી અને તેમ છતાં આપણે ખરડાની ૪૧ મી કલમમાં એવુ જોઇએ છીએ કે —"આ કાયદા મુજબ થયેલા કોઇ પણ હુકમ વિષે કોઇ પણ કોર્ટ પ્રશ્ન ઉઠાવી શકશે નહીં એવું તે જણાવે છે." આ દષ્ટિબિન્દુને સારી રીતે જાણીતા થયેલા મોમેંટના મુકર્દમામાં પ્રિવિ કાઉન્સિલના નામદાર ન્યાયાધિશોએ બર્માની ચીફ કોર્ટનો ચુકાદો કાયમ રાખીને જે નિર્ણય આપ્યો છે તેનાથી ટેકો મળે છે. તેઓએ એવો અભિપ્રાય આપ્યો છે કે—લોઅર બર્માના શહેરો અને ગામડાની જમીનોને લગતા કાયદાની (૧૯૦૮ ના બર્મા એક્ટ ૪ ની)

કલમ ૪૧ (બ) ના તત્વો લાગુ પડી શકે તેવાં નથી. એ તકરારી કાયદાની કલમ એવી છે કે—"કોઇ પણ દિવાની અદાલતને સરકાર સામે કોઇ જમિન ઉપરનો હક નક્કી કરવા ન્યાયી અધિકાર રહેશે નહીં."

હિંદી સરકારે, આ ઉપરથી ના શહેનશાહની સરકારને એવું લખાણ કર્યું હતું કે ૧૮૫૮ ના કાયદાની ૬૫ મી કલમ રદ્દ કરવી કે જે કલમ ૧૯૧૫ ના હિંદી સરકારના કાયદાની ૩૨ મી કલમને મળતી આવે છે. તેનું પરિણામ એ આવ્યું હતું કે—ઉમરાવોની સભામાં એક વધારાનો ખરડો દાખલ કરવામાં આવ્યો હતો. એ ખરડો ઉમરાવોની અને આમની એ બન્ને સભાઓની એક સંયુક્ત કમિટીને સોંપવામાં આવ્યો હતો અને એ પ્રશ્નની તરફેણની અને વિરૂદ્ધની બાબતોની સંપૂર્ણ ચર્ચા પછી કમિટીએ એવી ભલામણ કરી હતી કે—તકરારી પ્રશ્નવાળી કલમ રદ્દ કરવી. એ ચર્ચા ઘણી રસભરી છે અને તેમાંના કેટલાક ફકરાઓ, જે પ્રશ્ન ઉપર આપણે વિચારીએ છીએ તેને લાગે વળગે છે ત્યાં સુધી, હું અત્રે ટાંકી બતાવીશઃ—

"પ્રમુખઃ ન્યાયના દૃષ્ટિબિન્દુથી આ બાબત કેટલે સુધી ટકી રહે છે તે જણાવવું એ સાથે સાથે ઠીક થઇ પડશે. પાર્લામેંટનો ઇંપિરિયલ એક્ટ જ્યારે પસાર થયો છે અને તે કાયદો હિંદને તથા સ્વાયત્તશાસિત સંસ્થાનોને તેમ જ બ્રિટિશ રાજ્યના દરેક ખૂણામાં લાગુ પડે છે, જ્યારે એક એવો ઇંપિરિયલ એક્ટ પસાર થયો છે. કે જે કોઇપણ સંસ્થાન, કોલોની કે તાબાના રાજ્યને લાગુ પડે છે ત્યારે ઇંપિરિયલ એક્ટમાં અધિકાર આપવામાં આવે નહીં ત્યાં સુધી સ્થાનિક કાયદા ઘડનારાઓ તે કાયદાની વિરૂદ્ધમાં જાય એવો કાયદો પસાર કરી શકે નહીં. સામ્રાજ્યના કામકાજના વહિવટમાં, ૧૮૬૭ ના કેનેડીઅન એક્ટના દાખલામાં બન્યું છે તેમ પાર્લામેંટનો ઇંપિરિયલ એક્ટ એક ઘણી જ સગવડ ભરેલી રૂઢિ રૂપ થઇ પડે છે. કેનેડીઅનોએ પાર્લામેંટના ઇંપિરિયલ એક્ટની માગણી કરી હતી, તેઓને તે આપવામાં આવ્યો અને કેનેડામાં કોઈપણ સ્થાનિક કાયદો તેની વિરૂદ્ધ અમલમાં આવી શકતો નથી. તેઓ એવે વખતે સામ્રાજ્યની પાર્લામેંટને પૂછાવે છે કે જે તે હમેશાં તેમની માગણીઓને પુરી પાડવા તૈયાર હોય છે. હિંદમાં કાયદો કોઇને પણ ઇસ્ટઇંડિયા કંપની સામે દાવો માંડવાની પરવાનગી આપે છે. ત્યાં તાજ તરફથી નહીં પણ કંપની તરફથી ૧૮૫૮ ના કાયદાની ૬૫ મી કલમ નીચેના શબ્દોમાં ઘડવામાં આવી હતીઃ—

"હિંદી પ્રધાનની કાઉન્સિલ હિંદમાં અને ઇંગ્લાંડમાં હિંદીપ્રધાનની કાઉન્સિલના એક એકત્ર મંડળને નામે દાવો માંડી શકે અને તેના ઉપર તેવી રીતે દાવો મંડાઇ શકે અને બધા રાજદ્વારી મંડળો અને વ્યક્તિઓને એવી રીતના કાયદેસર અને જપ્તિયોગ્ય દાવાઓ માંડવાના ઇલાજો અને કામકાજ લેવાનો હક જેવી રીતે મજકુર કંપની સામે હોઇ શકે તેવી રીતનો હક હિંદીપ્રધાનની કાઉન્સિલ સામે રહે અને રહી શકશે. અને ના. રાણી સરકારને હિંદી સરકાર માટે જે મિલ્કત અને અસરોને લગતી સત્તા આપવામાં આવી છે અથવા તો તેવાંજ હેતુઓ માટે લેવામાં આવી છે તે એવી જ જાતના નિર્ણયો અને વહિવટને યોગ્ય અને તાબે ગણાશે કે જેની ઉપર ઇસ્ટ ઇંડિયા કંપનીને

સત્તા રહેલી હતી અને એ કંપનીના સંબંધમાં કાયદેસર રીતે કોંટ્રેક્ટથી કરવામાં આવેલા દેવાં અને જોખમદારીઓ તેની સત્તા અને વહિવટને યોગ્ય હતાં. ”

અસરકારક કાયદો.

આથી તે એક અસરકારક કાયદો હતો, અને પ્રિવિ કાઉન્સિલ દેખીતી રીતે–હું તેમના ચુકાદાઓ તપાસતો હતો અને હવે મને યાદ આવે કે–પ્રિવિ કાઉન્સિલે તે ટાંકી બતાવ્યો હતો અને એ પછી કહ્યું હતું કે–આ કલમની અસર,–જેવી રીતે કોઇ વ્યક્તિ કોઇ પણ દાખલામાં ઇસ્ટ ઈંડીયા કંપની સાથે દાવો માંડી શકી હોત તેવી રીતે હિંદી પ્રધાનની કાઉન્સિલ સામે દાવો માંડતાં હિંદી સરકાર તેને કોઇ કાયદો ઘડીને અટકાવે નહીં એ હતી. તેનું મૂળ એ મુદ્દો છે કે કે જે મેં જણાવ્યો છે અને તે એક ચુકાદો હતો અને તેજ ફક્ત એક ચુકાદો હતો. તેઓ તેને જમિનના દાવામાં લાગુ પડતા એ પછી લોર્ડ રોબર્ટસ આપણને જે અગવડ ઉભી થઇ છે, તેના સંબંધમાં ફરિયાદ કરે છે.........

લૉર્ડ હર્શિલ્ંગટનઃ—મી. રોબર્ટસે જે કહ્યું છે તે ફરીથી કહેવા અને તે ઉપર ભાર મૂકવા હું ઇચ્છું છું. ખરેખર કાંઇ પણ કરવામાં આવશે નહી ત્યાં સુધી તેથી હિંદમાંના કાયદા ઘડનારાઓ ઘણી મુંઝવણ ભરી સ્થિતિમાં મૂકાશે અને હું કમિટીને તે મુદ્દા ઉપર વિનતિ કરવા માગું છું કે, તેણે સૂચવાયલા સુધારાની શબ્દ ગોઠવણીનું સ્વરૂપ એમને એમ સ્વીકારવું કે નહીં અથવા તો ફેરફાર સાથે સ્વીકારવું એ બાબત ઉપર આપણે અહીં નિર્ણય કરી શકીએ; પરંતુ હું ધારૂં છું કે–કમિટીએ જે કાંઇ સાંભળ્યું છે તે પછી અને ત્યાંના સ્થાનિક કાયદા ઘડનારાઓએ આ ૩૦ વિચિત્ર કાયદાઓ પસાર કર્યા છે તેના સબંધમાં હિંદમાંની કામકાજની વસ્તુસ્થિતિ જોતાં અને નવી લગભગ ૨૦૦ ની સંખ્યાના કાયદાઓ જોતાં, ક્ષણિક નિર્ણય કે પ્રિવિ કાઉન્સિલને અપીલ કરવા માટે ખુલ્લો રહેશે તે ઉપર આવતાં પહેલાં, એ ધ્યાનમાં લેશે કે–જે કાયદો પસાર થયો છે તેને માટે જ નહીં પણ કોઇ પણ કાયદો ભવિષ્યમાં પસાર કરવાના ઉદ્દેશથી અત્રે સૂચવાયો છે તે જોતાં, વસ્તુસ્થિતિ ઘણી ગંભીર છે.

× × × × ×

પ્રમુખઃ ત્યારે મુખ્ય મુદ્દો એ છે કે–હિંદમાંના સ્થાનિક ધારા ઘડનારાઓએ એવા કાયદા પસાર કર્યા જે અથવા તો ધારે છે કે તેઓ એવા કાયદા પસાર કરવા શક્તિમાન થવા જોઇએ કે જે કોઇ વ્યકિતના હિંદી પ્રધાન સામે દાવો માંડવાના હકમાં આડે આવે!

સર કોર્ટને ઇલ્બર્ટઃ તે વચ્ચે પડી શકે. મારી પાસે અહીં એક લાંબી ટીપ છે. સભાસદોની જાણ માટે એ ટીપની નકલો કઢાવવી અને ફેરવવી એ સગવડ ભર્યું થઇ પડશે.

પ્રમુખઃ હું ધારૂં છું કે તે ઘણી ઉપયોગી થઇ પડશે. દેખીતી રીતે તે ઉપર સંભાળપૂર્વક વિચાર ચલાવી જોવામાં આવ્યો છે અને મુદ્દો કેવી રીતે ઉભો થાય છે તે જોવાને તેનાથી કમિટીને બની શકશે દાખલા તરીકે પહેલા દાખલામાં હિંદરક્ષકનુ (ફોજ-

દારી) કાયદામાં (૧૯૧૫) એવી કલમ છે કે–કમિશનરોનો ચુકાદો છેવટનો અને પૂર્ણ થયેલો ગણાશે. એમ બની શકે કે–કમિશનરો એમ કહે કે–હિંદી પ્રધાને વ્યાજબી કર્યું છે અને પછી એવી દલિલ લાવવામાં આવે કે–તેણે વાજબી કર્યું છે એવું જાહેર થયું અને તેથી તેની સામે દાવો માંડો શકય નહીં. તમે આવી રીતનું કહેવા ધારોછો ને ?

સર કોર્ટને ઇલ્બર્ટઃ હા.

હિંદી પ્રધાન સામે દાવો માંડવાનો હક્ક.

પ્રમુખઃ આવી બાબત માટે ગોઠવણ કરવાની જરૂર હોય એમ જણાય છે. એવી જ રીતે બીજી ઘણી બાબતોની ગોઠવણ કરવાની છે પણ હું ધારૂં છું કે–એ ઇચ્છવાયોગ્ય થઈ પડશે કે–કમિટીને આ દાખલાઓ જોવાની તક આપવી જોઇએ, એ એક ઘણી મુશ્કેલી ભરી બાબત છે. તમે જે ઉપાય સૂચવો છો તે હિંદમાંના ધારા ઘડનારાઓને હિંદી પ્રધાન સામે કોઈ વ્યક્તિને દાવો માંડવાનો હક્ક બિલકુલ રદ્ કરવા માટે શક્તિમાન કરવાનો છે.

લૉર્ડ ઇસ્લિંગ્ટનઃ હા.

× × × × × ×

સર જૉનજાર્ડિનઃ ખાસ કરીને કલકત્તાર શહેરો જ્યાં ૧૭૨૬ ની સાલથી ઇંગ્લિશ કાયદો, અમુક ફેરફાર સાથે (એજ બાબત રંગુન અને બીજાં કેટલાંક શહેરોને લાગુ પડે છે) અસ્તિત્વમાં છે ત્યાંના લોકોને પણ ઘણે ભાગે એજ લાગણી હોય છે.

તેઓમાંના કેટલાક ઇંગ્લિશ કાયદા જેવા જ નીચે હોય છે અને જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી તેઓ હમેશાં એમ જ ધારતા આવ્યા છે કે–૧૮૫૮ ના કાયદા મુજબ અપાયલા અધિકાર, જે રૈયતને વહેમથી બિલકુલ વેગળી હોય એવી અદાલતોમાં દાવો માંડવાની સત્તા આપે છે તે તેઓ પાસે એક કિંમતી વસ્તુ છે. આપણી સરકારના તાબાના લોકોમાં તે વિશ્વાસ વધારે છે અને મને ખબર છે ત્યાં સુધી, કોઈપણ રીતે નુકશાનકારક નથી. કોઇ મુકર્દમામાં હારી જવું, એ સરકારને ચીઢ ચઢાવનારૂં થઇ પડે છે પણ લોકો ઉપર તેમના અભિપ્રાયો મુજબ રાજ ચલાવવાની સંભાળ બાબત સાથે તેની સરખામણી કરતાં તે એક નજીવી બાબત છે. રાજનીતિને લાગે વળગે છે ત્યાં સુધી આ બાબત એવી છે કે જે લોકોની લાગણીઓથી–સંભાળપૂર્વક જાહેર કરેલી લાગણીઓથી નક્કી કરવાની છે.

× × × × × ×

લૉર્ડ ઈસ્લિંગ્ટન—કલમ (૨) પેટા કલમ (ડી) જે અમુક દાખલાઓમાં હિન્દી પ્રધાન સામે દાવો માંડવાના હક્કમાં અંતરાય નાંખે છે તેને લગતા ગયા અઠવાડીઆના આપણી ચર્ચાના વિષય વિષે હું એકાદ શબ્દ કહેવા ધારૂં છું. ગયે અઠવાડીએ આપણે મળ્યા ત્યારથી હિંદી પ્રધાનની ઓફિસ તરફથી આ પેટા–કલમ ઉપર હિંદ અને ઇંગ્લાંડના વિવિધ ભાગોમાથી આવેલી અરજીઓના મુદ્દાઓ ઉપર અને ગયે અઠવાડીએ ચાલેલી ચર્ચાના મુદ્દાઓ ઉપર

સંભાળ ભર્યો વિચાર ચલાવવામાં આવે છે. તે ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે—આ બિલમાં દાખલ કરવાની આ દરખાસ્તમાં જે ધોરણ દાખલ કરવામાં આવ્યું છે તેની સામે ઘણી જ સખ્ત લાગણી હતી. આથી ઇંડિયા ઑફિસે એવો વિચાર કર્યો છે કે—બધા સંજોગો જોતાં, આ દરખાસ્ત ચર્ચાસ્પદ પ્રકારની ગણવામાં આવે છે. એ સત્ય-વસ્તુસ્થિતિ જોતાં, અને ચર્ચાસ્પદ બાબતો વિગ્રહ દરમ્યાન બનતા સુધી મુલત્વી રાખવાની છે તે જોતાં, એકંદરે સૌથી ડહાપણ ભરેલી યોજના કદાચને એ થઈ પડશે કે—બિલમાંથી આ ગોઠવણ પડતી મૂકવી. અમે તેની જૂદી જૂદી બધી રીતો વિષે ચર્ચા કરી છે. સૌથી પ્રથમ તો એ કે—ભવિષ્યમાં આ મુશ્કેલ બાબત સંબંધી કામ કરવાના હેતુથી અને તેજ સામે યોગ્ય સંજોગોમાં યોગ્ય અપીલ રદ કર્યા શિવાય કાંઇ ફેરફાર કરી શકાય કે નહીં. જૂદી જૂદી રજૂ થયલી દરખાસ્તો ઉપર અમે વિવાદ કર્યો—અને ખાસ કરીને તમે નામદારે જે દરખાસ્ત રજૂ કરી છે તે ઉપર પણ—પરન્તુ એ દરખાસ્તમાં એની મેળેજ એટલી બધી મુશ્કેલીઓ ઉભી થઇ કે અમને તે તજી દેવાની જ ફરજ પડી. એ પદવી તેને ફરીફરી તપાસી શકાય તેટલી હદ સુધી એટલે કે હાલના કાયદાને મજબૂત બનાવવાની જ બાબતમાં લાગુ પાડવાનો ફેરફાર કરવાનો પ્રશ્ન આવ્યો અને વિચાર કરતાં અમે એવા છેવટ ઉપર આવ્યા કે—એ દાખલામાં પણ અગાઉથી ધારી શકીએ તેના કરતાં પણ વધુ મુશ્કેલી તેનાથી ઉભી થાય એ બનવા જોગ છે.

× × × ×

અલબત ભવિષ્યમાં આ પ્રશ્નની વધુ ખીલવણી થાય અને એ પછી તેની સાથે એવી રીતે કામ પાડવું પડશે, પણ કદાચ બહારના પગલાથી સંજોગો જોતાં તેની સાથે વધુ સારી રીતે કામ લઇ શકાય. સલાહકારક કમિટીનો એ સામાન્ય અભિપ્રાય છે. જો આ કમિટીને તે બરાબર લાગતો હોય તો મને આશા છે કે—હું તેને સંમતિ અપાયલી સાંભળી શકીશ.”

હિંદી કાયદા ઘડનારાઓની સત્તાનો પ્રશ્ન.

હિંદી કાયદા ઘડનારાઓ આ કાયદો પસાર કરવાની સત્તા ધરાવે છે કે કેમ એ શંકાવિમુક્ત નથી એ પ્રશ્ન ઉપર મેં ક્યારનુંએ વિવેચન કર્યું છે અને હું આગળ વધીને કહી શકું—એ પ્રશ્ન ખરેખર એવો નથી કે સામાન્ય જેવો ગણી શકાય અથવા તો તુંકારાથી તે નકારી શકાય. ખરેખર, રોલેટ રિપોર્ટના વિદ્વાન કર્તાઓએ પોતાના છેવટના પેરામાં પોતાની શંકા બતાવી છે અને આ મુશ્કેલ પ્રશ્નનો નિકાલ આણવા પ્રયાસ કર્યો છે. એઓ કહે છે કે—કાયદો ઘડવાની સૂચનાઓ કરતાં અમે એ બાબતનો બિલ્કુલ વિચાર કર્યો નથી કે—ગવર્નર—જનરલ—ઇન—કાઉન્સિલની સત્તા બહાર કોઇપણ પ્રકારે આવો કાયદો છે એવી દલીલ આણી શકાય. એવા કોઇ મુદ્દા ઉપર કાયદો ટાંકવો એની અમને સત્તા નથી અને અમારાં સૂચનાઓના પાયા તરીકે કોઇપણ ગોઠવણને લગતી અટકળ બાંધવી એ માત્ર ગૂંચવણ ઉભી કરશે. આથી અમે એ મુદ્દા ઉપર આગળ વધ્યા છીએ કે—અમારી જે કોઇ પણ સૂચનાઓ સ્વીકારવાનું નક્કી થશે તેને અસરકારક બનાવવા માટે તે હેતુ પરિપૂર્ણ કરવા પુરતો કોઇ કાયદો ઘડવામાં આવશે.

હવે કાઉન્સલે બિલમાં જે રીતે વધારો કર્યો છે તેના નિયમો ઉપર હું બોલીશ.

ભાગ પહેલો.

(૧) વહીવટી સરકારને એવું કહેવાની સત્તા આપવામાં આવે છે કે—અમુક ગુન્હાઓ ખાસ બંધારણ વાળી ત્રિપુટી અદાલત દ્વારા તપાસવામાં આવશે અને કાયદાની સામાન્ય અદાલતોદ્વારા નહીં.

(૨) આવા તપાસ દરમ્યાન જ્યુરી નીમવામાં આવશે નહીં.

(૩) આવી તપાસ દરમ્યાન દોષારોપણને લગતું કામકાજ કરવામાં આવશે નહીં.

(૪) આવી તપાસ દરમ્યાન અમુક હકીકતો કે જે બીજી રીતે દાખલ થઇ શકે તેવી હોય નહીં તે પુરાવામાં દાખલ કરવામાં આવશે.

(૫) આવી તપાસ દરમ્યાન દોષિત વ્યક્તિની તપાસ અને ઉલટપાલટ તપાસ તેની પોતાની તરફથી સોગદ ઉપર સાક્ષી તરીકે લઇ શકાય.

(૬) આવી તપાસો, માત્ર એડવોકેટ-જનરલના સર્ટિફિકેટથી કોઇ જાતનું સોગંદનામું કે કારણોના ટેકા શિવાય હાઇકોર્ટ બેસતી હોય તે હમેશની જગ્યા કરતાં બીજી કોઇ જગ્યાએ સામાન્ય રીતે ચલાવી શકાશે.

(૭) ત્રિપુટી કોર્ટ, સ્થાનિક સરકાર એ પ્રકારનો અભિપ્રાય સ્વીકારવાને બંધાયલી છે કે—મજકુર ગુન્હો રાજ્યની સલામતીને નુકશાનકારક હિલચાલ સાથે સંબંધ ધરાવે છે અને તે કોર્ટની એવી માન્યતા હોય કે—આરોપી એવી કોઈ હિલચાલ સાથે કોઇ રીતે સંબધ ધરાવતો નથી તે છતાં પણ તેને શિક્ષા કરવાને તે બંધાયલી છે.

(૮) ત્રિપુટી કોર્ટનો ચુકાદો છેક છેવટનો અને પૂરો થયલો ગણવાનો છે અને ફરી તપાસણી માટે અપીલ કરવાનો કોઇ જાતનો હક્ક રહેશે નહીં અને કોઇ પણ હાઇકોટ કોઇ મુકદ્દમો અથવા મુદ્દો ફેરબદલ કરી શકે નહીં.

ભાગ બીજો અને ત્રીજો.

આ વિભાગોના નિયમો સ્વ—તિરસ્કૃત રહે છે. બીજા ભાગ અનુસાર પ્રાંતિક કારોબારી સરકારને, ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના જાહેરનામા ઉપરથી, નીચે જણાવેલા બધા અથવા તેમાંના કોઇ હુકમ, તેમની સત્તાઓની કોઈપણ વ્યક્તિ કે જે તેમના અભિપ્રાય મુજબ, કલમ ૨૦ મી માં જણાવેલી જાતની કોઇ હિલચાલ સાથે સંબંધ ધરાવે છે, એમ તેમને લાગે તેની સામે કાઢવાની સત્તા ધરાવે છે.

(૧) એક વર્ષની મુદ્દત કે જેમાં જરૂર જણાય તો એક બીજા વર્ષનો વધારો કરી શકાય તે માટે એવી જામીનગીરી લખાવવી કે તે વ્યકિત પરિશિષ્ટમાં જણાવેલા કોઇ ગુન્હાઓ કરશે નહીં અથવા તે ગુન્હા કરાવવામાં ઉત્તેજન આપશે નહીં.

(૨) નક્કી કરેલા અધિકારીને પોતાનું રહેઠાણ અથવા રહેઠાણના ફેરફારની ખબર આપવી.

(૩) બ્રિટિશ હિંદમાં કોઇપણ નક્કી કરેલી હદમાં રહેવું અથવા વસવું.

(૪) જાહેર સુલેહમાં ખલેલ પહોંચવા જોગ અથવા જાહેર સલામતીને નુકશાનકારક જણાય એવા કામથી દૂર રહેવું.

(૫) નક્કી કરેલા સમયે પોલિસ ખાતા સમક્ષ તેણે હાજરી આપવી.

વિભાગના નિયમો મુજબ, પ્રાંતિક વહીવટી સરકારને એવા જ જાહેરનામાથી અને અમુક સંજોગોમાં નીચેના અધિકાર આપવામાં આવ્યા છે કે—

(અ) પુરવણીમાં બતાવેલા ગુન્હા સાથે અમુક માણસને સંબંધ છે એવો તેમનો અભિપ્રાય પડે તેવા માણસને વગર વારંટે પકડવો.

(બ) તેને કેદ કરવો.

(ક) જાહેર સલામતીને જોખમમાં નાખે એવા કારણથી અમુક જગ્યા વપરાય છે અથવા વપરાવાની છે તે જગ્યા તપાસ કરવાનો હુકમ કરવો.

એટલું ધ્યાનમાં લેવાનું છે કે કોઈપણ પ્રકારની કાયદેસર તપાસ સુદ્ધાં કર્યા વિના આ બધા હુકમો છોડવાના છે. આ કાઉન્સિલના એક બિનઅધિકારી સભાસદે બરોબર કહ્યું હતું તે પ્રમાણે આ શરતો 'શુદ્ધમાં શુદ્ધ દબાણ' સિવાય બીજું કાંઈ વધારે કે ઓછું નથી. એવી સૂચના કરવામાં આવી છે કે દુઃખી થતા માણસોના રક્ષણ માટે આ ભાગમાં શરતો દાખલ કરવામાં આવી છે. મારા મત પ્રમાણે તો આ શરતો નિરાશાજનક રીતે અયોગ્ય છે અને કહેવાતાં રક્ષણનાં સાધનો છેક જ કલ્પિત છે. તેનાં કારણ નીચે પ્રમાણે:—

(૧) તપાસણી—અમલદારની નિમણુક કારોબારી સરકારને હાથે થવાની છે.

(૨) બધી તપાસ ધુસપુસ રીતે પડદા પાછળ થવાની છે.

(૩) જે માણસની તપાસ ચાલતી હશે તેને તપાસણીના બધા ક્રમ દરમ્યાન હાજર રહેવાનો હક રહેવાનો નથી.

(૪) દુઃખી થયલા માણસ તરફથી કોઈ વકીલ હાજર રહે તેવો હક મળવાનો નથી.

(૫) પુરાવાના કાયદાના કોઈ નિયમો પાળવાને તપાસણી—અમલદાર બંધાયલો રહેનાર નથી.

(૬) તપાસનું ક્ષેત્ર મર્યાદિત રહેવાનું છે.

(૭) પોતાના બચાવને માટે અમુક બાબત ગમે તેટલી જરૂરની હોય તોપણ તેવી બાબતની ખબર પડવાથી જાહેર સલામતી અથવા વ્યક્તિગત સલામતી ભયમાં આવી પડે એમ હોય તો તે બાબત તેવા માણસને તપાસણી અમલદાર કહી દેશે નહિ.

(૮) કોઈ સાક્ષીને કાંઈ સોગન દેવાના નથી.

(૯) તપાસણી અમલદારના કોઈપણ નિર્ણયને સ્વીકારવાને સ્થાનિક સરકાર બંધાવાની નથી.

ભાગ ચોથો.

ડીફેન્સ ઑફ ઇન્ડિયા (૧૯૧૫) બંગાળ સ્ટેઇટ પ્રિઝનર્સ રેગ્યુલેશન (૧૮૧૮ નો રેગ્યુલેશન ૩) અને ૧૮૧૪ ઇન્ગ્રેસ ઇનટુ ઇન્ડિયા ઑર્ડિનન્સ કે જેનો અમલ ૧૯૧૫ના ઇમર્જન્સી રેગ્યુલેશન કન્ટિન્યુએશન ઍક્ટથી ચાલુ રહે છે તે કાયદા તળે વહીવટી હાથ

નીચે આવતા લોકોને લાગુ પાડવાનો આ ભાગની શરતોનો ઉદ્દેશ છે. એવી શરત કરવામાં આવી છે કે ડીફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટની રૂએ જે માણસ ઉપર કામ ચાલતું હોય તે માણસ જે ક્ષેત્રમાં વીશમી કલમની રૂએ કરેલા જાહેરનામાનો અમલ થતો હશે તે ક્ષેત્રનો રહેવાશી લેખાશે, અને તે પ્રમાણે બીજા ભાગની શરતો એવા દરેક માણસને લાગુ પડશે; વળી ઇન્પ્રેસ ઇનટુ ઇન્ડિયા ઓર્ડિનન્સની રૂએ જે માણસ ઉપર કામ ચાલતું હશે તે માણસ જે ક્ષેત્રમાં કરેલા જાહેરનામાનો અમલ થતો હશે તે ક્ષેત્રનો રહેવાશી લેખાશે અને તે પ્રમાણે બીજા ભાગની શરતો એવા દરેક માણસને લાગુ પડશે. આ શરતો ઉપરથી એટલું તો ચોખ્ખેચોખ્ખું જણાઇ આવે છે કે ડીફેન્સ ઓફ ઇન્ડિયા એક્ટ કે ઇન્પ્રેસ ઇનટુ ઇન્ડિયા ઑર્ડિનન્સ અનુસાર વહીવટી કબજામાં રહેલા માણસે આ બિલના પહેલા ભાગની શરતો પ્રમાણે પણ કોઈ જાતની તપાસ ચલાવ્યા સિવાય વધારેમાં વધારે બે વર્ષની મુદતની શરતે જ્યાં સુધી વહીવટી સરકારને જરૂરનું લાગે નહિ ત્યાં સુધી આવી જાતના કબજામાં રહેવાનું જારી રાખવું પડે.

ભાગ પાંચમો.

આ ભાગની શરતોથી સાંકળની છેવટની કડી પૂરી પડે છે. તેમાં એવી શરતો છે કે સદરહુ કાયદાની શરતોની રૂએ પસાર કરેલા હુકમ વિષે કોઇપણ અદાલતમાં સવાલ ઉઠાવી શકાશે નહિ. સારી દાનતથી કરેલા અથવા કરવા ધારેલા કંઇ પણ કામ માટે કોઇપણ માણસ ઉપર કાંઇપણ કામ ચલાવી શકાશે નહિ કે તેવા કોઇ માણસને પકડી શકાશે નહિ કે તેની સામે બીજું કાંઇ કામ ચલાવી શકાશે નહિ. આથી વહીવટી સરકારની સર્વોપરિતા સંપૂર્ણ થાય છે, અને પ્રજાની સ્વતંત્રતા તે સરકારની દયા ઉપર જ આધાર રાખી રહે છે.

આ શરતોમાં વહીવટી સભા, ધારાસભા અને ન્યાયસભા એ ત્રણેનાં કાર્યો વહીવટી સભામાં કેન્દ્રિત કરેલાં માલુમ પડે છે. આ દેશમાં ધારાસભાનું જે બંધારણ છે તે અનુસાર અહીંની ધારાસભા વહીવટી સભાની ઇચ્છાને અમલમાં મુકે છે હવે એવી ભલામણ કરવામાં આવી છે કે અમુક ગુન્હાઓની બાબતમાં ન્યાયસભાનો લોપ થવો જોઇએ અને તેની જગ્યા વહીવટી સભાએ લેવી જોઇએ. એટલું જ કહેવું બસ થશે કે સુધરેલી દુનિયાના ધારાસભાના ઇતિહાસમાં આવી શરતો જેવી કોઇ શરતો અસ્તિત્વ ધરાવતી જ નથી.

આપણને એવું કહેવામાં આવ્યું છે કે આખરે તો આ કાયદો થોડા વખતને માટે જ છે અને તે માત્ર ત્રણ વર્ષ સુધી જ અમલમાં આવવાનો છે, માટે આ કાયદાની વિરૂદ્ધની પોતાની વર્તણુક વિષે બધા બિનઅધિકારી સભાસદોએ ફરીથી વિચાર કરવો. હું કહું છું કે જે કાયદો ખરી રીતે તત્ત્વરૂપે ભયંકર અને નિંદ્ય હોય તે થોડા વખતને માટે હોય તેટલા ઉપરથી તેનો ડરતો અટકતો નથી. આ કાયદો હમેશને માટે કે થોડા વખતને માટે હોવો જોઇએ કે કેમ તે કંઇ સરકાર અને બિનઅધિકારી સભાસદો વચ્ચેનો ચર્ચાસ્પદ સવાલ છે નહિ અને કદિ હતો પણ નહિ. મતભેદ તો માત્ર સિદ્ધાંતને લગતો છે. આથી ઘરમેળે સમજી લેવાનો સવાલ જ રહેતો નથી. હિમ્મતથી કહું છું કે, એક

દફાડા માટે પણ અમે તે પ્રકારે કે આકારે આ કાયદાને કાયદાના પુસ્તકમાં દાખલ કરવા વિષે કોઇ પણ હિન્દવાસી કદિ સંમતિ આપશે નહિ. અમે એવું માનીએ છીએ કે ઉથલપાથલ અને ખુનામરકી કરનારા ગુન્હાઓને જડમૂળથી દૂર કરવા માટે દાબનાં પગલાં લેવાં એ કંઇ ખરો ઉપાય નથી. આ ખરાબ વર્તણુકનું મૂળ કારણુ શું છે? જે રાજકીય અને વહીવટી બગાડને લીધે હિન્દુસ્તાનના લોકોને અકથ્ય દુઃખો વેઠવાં પડે છે તેને પરિણામે જ આ ગુન્હાઓ થવા પામે છે. આથી ઉપાય માત્ર એટલો જ છે કે છેલ્લાં તેત્રીશ વર્ષથી વર્ષોવર્ષ હિન્દી રાષ્ટ્રીય પરિષદ્ લોકોનાં જે સ્થાયી દુઃખો જાહેર કરતી આવી છે તે દુઃખો દૂર કરવાં. દાબ મુકયાથી કોઇપણુ દેશમાં સારાં ફળ આવેલાં જાણ્યાં છે? આયર્લૅન્ડમાં આટલા આટલા ગુન્હાના કાયદા છે છતાં તેનો દાબ શું સફળ નીવડયો છે? આ આપણા પોતાના દેશમાં પણુ શું તે સફળ નીવડયો છે? રાજદ્રોહની વ્યાખ્યાનો વિસ્તાર વધારવા માટે આપણે ક્રિમિનલ લૉમાં સુધારા કીધા છે. આપણો ઉદ્દેશ પાર પાડવા માટે આપણે ક્રિમનલ પ્રોસીજર કોડમાં વખતોવખત સુધારા કીધા છે. આપણા કાયદાના પુસ્તકમાં ૧૯૦૮નો ક્રિમિનલ લૉ ઍમેન્ડમેન્ટ ઍકટ, ૧૯૧૩ નો કૉન્સ્પિરસી ઍકટ, પ્રેસ ઍકટ અને એવા બીજા કાયદા દાખલ કરીને આપણે તે કાયદાના ગ્રંથને મેલો બનાવી દીધો છે સીડિશિયલ મીટિંગઝ ઍકટ અટકાવવા માટે આપણે મહેનત લીધી છે. તેનાં પરિણામ શાં આવ્યાં છે તે તો આપણે જાણીએ જ છીએ.

સીલેકટ કમિટી.

જે બિલ વિરૂદ્ધ હું આટલો બધો પડયો છું તે બિલ વિષે નીમાયલી સીલેકટ કમિટીમાં કામ કરવાની મારે ના કહેવી જોઇતી હતી એવું મને કહેવામાં આવ્યું છે. તેને માટે મારો જવાબ આ છે. પ્રથમ તો એ કે, મારૂં માનવું છે કે, સીલેકટ કમિટીને પોતાને ફાવે તેમ આ બિલ વિષે વિચાર કરવાનો હક્ક છે; અને મને એમ લાગ્યું કે આ બિલ રદ કરવા વિષે કાઉન્સિલને ભલામણુ કરવાને સીલેકટ કમિટીને ખાત્રી કરી આપવાનો મારે પ્રયત્ન કરવો. મારા આ મતના સમર્થનમાં હું આ કાઉન્સિલને કારણો રજુ કરવાની ઇચ્છા તો રાખું છું, પણુ આપ નામદારે જે અધિકારી અટકાયત કીધી છે તેથી મારાથી બની શકતું નથી. બીજો જવાબ એ છે કે, મારી એવી ખાત્રી હતી કે આ કાયદા સામે કાઉન્સિલમાં તેમ જ તેની બહાર જે એકમતી હિન્દી વિરોધ દર્શાવ્યો છે તેને માન આપીને તથા આ બિલ પસાર કીધાથી બ્રિટિશ હિન્દુસ્તાનના ઇતિહાસમાં કદિ નહિ જાણવામાં આવેલી સખ્ત ચળવળ દેશમાં ઉભી થશે એ વાત ધ્યાનમાં લઇને સીલેકટ કમિટી કંઇ રસ્તો કાઢીને આ કાયદાને એવી રીતે સુધારશે કે તેથી તે ઓછો ભયંકર, ઓછો નિંદ્ય અને કંઇક અંશે ઓછો વાંધાભર્યો નીવડશે. હું કબુલ કરૂં છું કે મારી એ આશા છેક જ પડી ભાંગી છે. બેશક સીલેકટ કમિટીએ આ બિલમાં થોડાક ફેરફાર સૂચવ્યા છે, પણુ એ તો અણુકિંમતી શરતોને લગતા છે. મારે સખેદ જણાવવું પડે છે કે કિંમતી શરતો માટે તો તેઓ તસુભર પણુ ચસ્યા નથી. જો આ કાયદો વધારે સખ્ત થયો છે તો તેમાં એક ખાસ બાબત છે. તે એ કે આ બિલ શરૂઆતમાં દાખલ થયું તેમાં જે શરતો હતી તે શરતો જે ઢીલચાલથી માત્ર રાજ્યની વિરૂદ્ધ ગુન્હા થવાનો સંભવ

લાગે છે એમ ગવર્નર-જનરલ-ઇન્-કાઉન્સિલનો અભિપ્રાય પડતો હતો તે હીલચાલને લાગુ પડતી હતી. સીલેક્ટ કમિટીએ અને આ કાઉન્સિલે સુધાર્યા પ્રમાણેની એ જ કલમ ને હીલચાલથી અલબત્ત ક્ષેત્રમાં વિસ્તારવાળા લેખાતા પૂરવણીમાં જણાવેલા બધા ગુન્હા થવાનો સંભવ રહે એવી હીલચાલને લાગુ પડે છે.

નામદાર, સીલેક્ટ કમિટીનો રીપોર્ટ વિચાર કરવા માટે હાથમાં લેવો એવી દરખાસ્ત થતાં અમે મુલતવી રાખવાની સૂચના કરી હતી. અધિકારી બહુમતીથી અમારી હાર થઇ હતી. પછી પહેલો બીજો અને ત્રીજો ભાગ રદ કરવા વિષે અમે સુધારા રજુ કર્યા હતા. છેવટે અમુક ઉપયોગી બાબતોમાં આ કાયદાને ઓછો તિરસ્કારપાત્ર કરવા સુધારો રજુ કર્યો હતો. સરકાર તો ખડક માફક મક્કમ રહી. તેમણે નમતું આપવાની ઇચ્છા રાખી નહિ, નમતું આપ્યું નહિ. તો પછી હિંદુસ્તાનમાં બ્રિટિશ હકુમત જોરજુલમ ઉપર રચાયલી છે કે લોકોની મરજી ઉપર બંધાયલી છે એવો સવાલ પૂછવો એ શું કાયદેસર નથી? પોતે કેવી સ્થિતિમાં છે તે તેઓ સમજે તે લોકોને લીધે જ છે એમ હું કહું છું.

કાયદાની કાર્યપદ્ધતિ.

આ કાયદાની બાબતમાં જે કાર્યપદ્ધતિ રાખવામાં આવી હતી તે વિષે હું બે બોલ કહેવા માગું છું. જે પુરાવાઓ ઉપરથી રૅલેટ કમિટીએ પોતાની શોધો ઘડી કાઢી હતી તે પુરાવાઓ આ કાઉન્સિલના સભાસદોને પૂરા પાડવામાં આવ્યા નથી, છતાં તે શોધો ખરી છે એવું સ્વીકારવાને આ સભાસદોને કહેવામાં આવે છે. દાખલ કરેલા આ ખરડાનું ખોખું હિન્દી વજીરને સાદર રજુ કરવામાં આવ્યું ન હતું; પણ રૅલેટ કમિટીની ભલામણોને આધારે અમુક એક ખરડો દાખલ કરવા માટે નામદાર વજીરની પરવાનગી મેળવી લેવામાં આવી હતી. મેં અનેક વખતે કહી બતાવ્યું છે કે એક બહુ જ ખાસ બાબતમાં તો—પુરવણીમાં કલમ ૧૨૪ અ અને ૧૫૩ અ દાખલ કરવાની બાબતમાં તો—આ ખરડો રૅલેટ કમિટીની ભલામણની પણ પેલી તરફ પગલું ભરે છે. રૅલેટ કમિટીએ એવી ભલામણ કીધી હતી કે, ૧૯૦૮ ના ક્રિમિનલ લૉ (ઍમેન્ડમેન્ટ) ઍક્ટની પુરવણી સ્વીકારવી. એ પુરવણીમાં આ બે કલમનો સમાવેશ થતો નથી. આ બાબતમાં સરકારે કમિટીની ભલામણની પેલી તરફ શા માટે પગલાં ભર્યાં છે તે વિષે સરકાર કાંઇ સંતોષકારક સમજુતી આપી શકતી નથી. વહીવટી સરકારના અભિપ્રાય પ્રમાણે જે લોકો આ બે કલમોમાં જણાવેલા ગુન્હા કરવામાં કારણભૂત હશે તે લોકોની તપાસ આ કાયદો આખરને માટે પસાર થતાં કાયદાની અદાલતમાં થશે નહિ પણ વહીવટી સરકારની મરજી પ્રમાણે આ કાયદાના બીજા અને ત્રીજા ભાગ પ્રમાણે તેમની તપાસ ચાલશે. એ બાબતમાં રૅલેટ કમિટીની કોઇ પણ ભલામણ ન હોવા છતાં પુરવણીમાં આ કલમો શા માટે દાખલ કરવામાં આવી છે તે સમજવું હવે સહેલું છે. છતાં આપણને જ્યારે ત્યારે એવી ખાત્રી આપવામાં આવે છે કે આ કાયદાથી બંધારણસર રાજકીય ચળવળને સહેજ પણ ધોકો પહોંચે એવો ઇરાદો રાખ્યો નથી.

હિન્દુસ્તાનની સરકાર અને હિન્દી વજીર વચ્ચે આ બાબતમાં જે પત્રવ્યવહાર ચાલ્યો છે તે ખાનગી છે એ કારણે આ કાઉન્સિલના સભાસદોને પૂરો પાડવામાં આવ્યો નથી.

એ સિવાય હું આ કાઉન્સિલનું ધ્યાન એક ઘણી જ અગત્યની બાબત તરફ દોરવા માગું છું. તે એ કે મારો મત એવો છે કે, સીલેક્ટ કમિટીનો કહેવાતો રીપોર્ટ રજુ થયો ત્યારથી અને તેમાંથી આ ખરડાને લગતી જે કાર્યપદ્ધતિ અમલમાં આવી છે તે બધી પદ્ધતિ અપ્રમાણુ અને અન્યાયી છે. હું એમ માનું છું કે, એ ખરીતો સીલેક્ટ કમિટીના પ્રમાણુસર અને સંપૂર્ણ હેવાલ તરીકે લેખી શકાય નહિ અને એ ખરીતો ખરો છે એ માન્યતા ઉપર જે કાંઇ આગળનાં પગલાં ભરવામાં આવે તે ન્યાયપુરઃસર ન ગણી શકાય. જે અન્ય રીતે ન્યાયી ન હોય તે આપ નામદારની અધિકારી અટકાયતથી ન્યાયી ન જ થઇ શકે.

સીલેક્ટ કમિટીના ઑાન. પ્રમુખે પોતાનું અધિકારી ઉપરીપણું વાપરીને સીલેક્ટ કમિટીને આ ખરડાના સિદ્ધાંતો વિષે ચર્ચા કરતી અને આ કાયદો પસાર કરવામાં હિન્દી ધારાસભા કેટલે દરજ્જે શક્તિમાન છે તેનો વિચાર કરતી અટકાવી હતી. આપ નામદારે આપનું અધિકારી ઉપરીપણું વાપરીને એ હેવાલનો અમુક એક ભાગ (આ કાઉન્સિલના ત્રણ સભાસદોનું વિરૂદ્ધ મત દર્શાવનારૂં લખાણ) કાઉન્સિલ આગળ રજુ કરવાની મનાઇ કીધી હતી. મારા નમ્ર મત પ્રમાણે આ અધિકારી અટકાયતોથી આ ખરડાને લગતી આખી કાર્યપદ્ધતિ દૂષિત થઇ ગઇ છે. એ રીતે પસાર કરેલો ખરડો કાયદામાં કોઇ રીતે સ્વીકારી શકાય નહિ.

ઉપસંહાર.

નામદાર, ટુંકામાં હું નીચેનાં બીજાં કારણોથી આ કાયદા સામે સખ્ત વાંધો ઉઠાવું છું:—

(૧) આ ખરડાને કાયદાનું રૂપ આપવું એ હિન્દી ધારાસભાની શક્તિની અંદર નથી.

(૨) એથી ત્રીશ કરોડ લોકોની વફાદારીને અયોગ્ય બટ્ટો લાગે છે, અને આખી પ્રજા વિરૂદ્ધ અભિયોગ કરવા જેવું થાય છે

(૩) એથી વહીવટી સભાના નિયમને બદલે ન્યાયસભાનો નિયમ સ્થપાય છે, અને એથી જે પાયા ઉપર બ્રિટિશ સ્વતંત્રતા રચાઇ છે તે નાબૂદ થઇ જાય છે.

(૪) એથી દેશમાં બધું રાજકીય જીવન નષ્ટ થશે અને પરિણામે 'શાંતિપુરઃસર પ્રગતિ' અશક્ય બની જશે.

(૫) જે અહિત વિષે ફરિયાદ કરવામાં આવી છે તે અહિત એથી ઓછું જ થતાં વધશે. એથી બધી ચળવળ છૂપી દિશામાં વહી જશે અને પરિણામે જેમ દિવસ પછી રાત પડે છે તેમ બધાં અહિત થઇ આવશે.

(૬) બધા સુધરેલા દેશોમાં આજ સુધી વસ્તુસ્થિતિનો જે ક્રમ સ્વીકારાયો છે અને અમલમાં મુકાયો છે તે આથી છેક જ ઉથલાઇ જાય છે. આવા કોઇ પણ દેશના ઇતિહાસમાં આના જેવો કોઇ કાયદો છે જ નહિ.

(૭) આ કાઉન્સિલની અંદર તેમ જ બહાર હિન્દીવાસીઓના અભિપ્રાયની એકમતી હોવા છતાં તેની વિરૂદ્ધ આ કાયદો પસાર થાય છે.

(૮) ખુનામરકીના અને ઉથલપાથલ કરનારા ગુન્હાઓ દૂર કરવા માટે દબાણુ એ કંઇ ઉપાય નથી. જે રાજકીય બગાડથી લોકોને અકથ્ય દુઃખ વેઠવું પડે છે તેના પરિણામ રૂપે આ ગુન્હાઓ થાય છે. મૂળ કારણુ દૂર કરો એટલે ખુનામરકી દૂર થઇ જશે.

(૯) આથી લોકોના મન ઉપર એવી કઠોર યાદદાસ્ત ઠસી જશે કે વખત વીત્યે પણુ તેને મોળી પાડવી એ બની શકશે નહિ.

(૧૦) હિન્દુસ્તાનમાં બ્રિટિશ હકુમત સ્થાયી રહે તેનો આધાર જોરજુલમ ઉપર નહિ પણુ લોકોની ઇચ્છા ઉપર રહે છે અને રહેવો જોઇએ.

(૧૧) સીલેક્ટ કમિટીના અધુરા અને અપ્રમાણુ રીપોર્ટ ઉપરથી આ ખરડાને કાયદાનું સ્વરૂપ આપવામાં આવે છે. આથી આવો રીપોર્ટ રજુ થયો ત્યારથી કાઉન્સિલની જે કાર્યપદ્ધતિ રહી છે તે તદન અપ્રમાણુ અને અન્યાયી છે. એ રીતે પસાર કરેલો કાયદો તો અસાધારણુ જોરજુલમથી પસાર કીધેલો કહેવાય.

આવી વસ્તુસ્થિતિ હોવાથી અમારામાંના જે કેટલાક લોકો સ્વતંત્રતા માટે દરકાર રાખે છે, સ્વતંત્રતાને માને છે, સ્વતંત્રતા ચાહે છે; તે લોકો આવી જાતના કાયદાઓનો અનાદર કરવાને અને આવી રીતે કાયદાનો ભંગ કરતાં જે સજા થાય તે ભોગવવાને તૈયાર થયા છે એમાં કાંઇ નવાઇ જેવું નથી. નામદાર, નિરાશ થયલા લોકો માટે સત્યાગ્રહ એ તો છેવટમાં છેવટનું અને એકનું એક બંધારણુસર શસ્ત્ર છે. હિંદુસ્તાનના લોકો શાંતિપ્રિય અને કાયદાને પાળનારા છે. તેમને સત્યાગ્રહની લડતમાં જોડાવાની ફરજ પાડતાં પરિણામ કેવાં આવશે તે વિષે સરકારને ચેતવવી એ મારી ફરજ છે. નામદાર, હિન્દુસ્તાનના અને સામ્રાજ્યના સર્વોપરિ હિતની ખાતર હું તેમ કરૂં છું.

અમદાવાદ સત્યાગ્રહ સભા તરફથી
પ્રકટ થએલું સાહિત્ય

હિન્દ સ્વરાજ્ય—લેખક મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી (બીજી આવૃત્તિ) કિં. ૦-૨-૦

રૉલેટ કાયદાની સમજુતી—પૃષ્ઠ સંખ્યા ૧૬ કિં. ૦-૧-૦

કાયદાની સામે થવાની ફરજ—લેખક મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી. કિં. ૦-૧-૦

સત્યાગ્રહ પત્રિકા નં, ૧-મહાત્મા ગાંધીજીનું મદ્રાસમાંનું ભાષણ કિં. ૦-૦-૬

સત્યાગ્રહ પત્રિકા નં. ૨- „ કિં. ૦-૦-૬

સત્યાગ્રહ પત્રિકા નં. ૩-નામદાર વિઠ્ઠલભાઈ પટેલનું ભાષણ કિં. ૦-૨-૦

સત્યાગ્રહ પત્રિકા નં. ૪-મહાત્મા ગાંધીજીનાં મુંબાઇનાં ત્રણ ભાષણો. કિં. ૦-૧-૦

સત્યાગ્રહ પત્રિકા નં. ૫-મહાત્મા ગાંધીજીનું ત્રિચિનોપલીમાં અપાયલું ભાષણ. કિં. ૦-૧-૦